Azadi Ka Amrit Mahotsav

જા.નં./મા-૨/પરચ/૨૦૨૪/૪૦૪૪

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા૦૫/૦૪/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, બિન અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક
શાળાઓ તમામ,સુરત જિ - સુરત.

વિષય:- "GUJARAT STEM QUIZ 3.0" PROGRAMME BY Gujarat Council on Science and Technology (GUJCOST).

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી,ગાંધીનગરનો પત્ર ક્રમાંક નંબર:- ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/૪૦૦૮-૪૦૪૨ તા.03/૦૪/૨૦૨૪ના પત્ર અન્વયે જણાવવાનું કે ગુજરાત સ્ટેમ કિવઝ 3.0 નું આયોજનમાં ધોરણ-૯ થી ૧૨ માં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ જોડાય અને સ્પર્ધામાં સારુ પ્રદર્શન કરે તે માટે તમામ શાળાઓને જાણ તથા અમલ થવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

બિડાણ:- ઉકત પરિપત્રની નકલ

**ક્રમાંક :** ધ/માધ્ય/પરચ/૨૦૨૪/ ૪૦૦૫ - ૪૦૪૨

કમિશનર,શાળાઓની કચેરી,
વિધા સમીક્ષા કેંદ્ર, સે-૧૯,
ગુ.રા.ગાંધીનગર.
તારીખ: ૩ /04/2024.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

**વિષય: "GUJARAT STEM QUIZ 3.0" PROGRAMME BY Gujarat Council on Science and Technology (GUJCOST).**
**સંદર્ભ: GUJCOST No. GUJCOST/STEM/2023-24/5265(B), Date. 18/03//2024**

ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગાંધીનગર દ્વારા ગુજરાત સ્ટેમ ક્વિઝ ૩.૦ નું આયોજન કરવામાં આવ્યું છે. આ સ્ટેમ કવીઝની ઔપચારિક જાહેરાત ગુજરાત સરકારના વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગના માનનીય અગ્ર સચિવશ્રીના વરદ હસ્તે ૨૮મી ફેબ્રુઆરી, ૨૦૨૪ના રોજ રાષ્ટ્રીય વિજ્ઞાન દિવસના અવસર પર કરવામાં આવી હતી. ગુજરાત સ્ટેમ ક્વિઝનું ધ્યેય વિધાર્થીઓમાં સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે ઉત્સાહ વધારવાનું અને પ્રેરણા આપવાનું છે. આ વખતે આ ક્વિઝ તમામ રાજ્યોની ભાગીદારી સાથે રાષ્ટ્રીય સ્તરની ઇવેન્ટ હશે. જેથી તમામ રાજ્યના વિધાર્થીઓમાં સ્ટેમ બાબતે ભાગ લેવામાં, જ્ઞાનમાં અને જાગૃતિમાં અભિવૃદ્ધિ થશે.

ભારતના તમામ રાજ્યના વિધાર્થીઓ આ કવીઝમાં ભાગ લેવા માટે આમંત્રણ પાઠવવામાં આવ્યું છે. આ પ્રવૃતિમાં શાળાના વિધાર્થીઓ ભાગ લઇ શકે તે હેતુથી રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને જાણ કરવામાં આવે છે. અને ચાલુ વર્ષ દરમિયાન આ કવીઝમાં રાજયની તમામ શાળાઓના વિધાર્થીઓ આ કાર્યક્રમમાં ભાગ લેવા પ્રોત્સાહિત કરવામાં આવે તેમજ આ કાર્યક્રમ અંગે વિશેષ માહિતી મેળવવા માટે જીલ્લાના લોક વિજ્ઞાન કેન્દ્ર અથવા ગુજકોસ્ટ કચેરીનો સંપર્ક કરવા વિનંતી.

**૧. આ કવીઝની જીલ્લા સ્તરની સ્પર્ધા ઓનલાઇન માધ્યમથી યોજવામાં આવશે. રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધા ઓફલાઇન માધ્યમથી યોજવામાં આવશે. કવીઝની ભાષા ગુજરાતી / અંગ્રેજી હશે.**
**૨. આ ક્વિઝમાં ભારત દેશના તમામ રાજ્ય / કેન્દ્રશાસિત પ્રદેશના કોઇપણ બોર્ડ અથવા માધ્યમના ધોરણ ૯ થી ૧૨ ના વિધાર્થીઓ / વિધાર્થીનીઓ ભાગ લઇ શકે છે. કોઈ પણ પ્રકારની નોંધણી ફી રાખવામાં આવેલ નથી.**
**૩. સાયન્સ, ટેક્નોલોજી, ઇજનેરી અને ગણિત (સ્ટેમ) ક્ષેત્રે હાલના વિકાસ અને વલણો પર આધારિત પ્રશ્નો પૂછવામાં આવશે. ક્વિઝના પ્રશ્નો મુખ્યત્વે માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક સ્તરના રહેશે.**
**૪. આ પ્રતિયોગિતા અંતર્ગત વિધાર્થીઓને ૨ કરોડ સુધીના ઇનામો આપવામાં આવશે અને અંતિમ સ્પર્ધામાં પસંદ પામેલા દરેક વિધાર્થીઓને પ્રમાણપત્ર આપવામાં આવશે. ઈનામની રકમ ઉપરાંત આ કાર્યક્રમના ભાગરૂપે વિજેતા વિધાર્થીઓ નેશનલ ફોરેન્સીક સાયન્સીસ યુનિવર્સિટી, ગાંધીનગર ખાતે બુટકેમ્પમાં ભાગ લઇ શકશે તેમજ સાયન્સ સિટી, ઇન્ડિયન સ્પેસ રિસર્ચ ઓર્ગેનાઇઝેશન, ડિફેન્સ રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ ઓર્ગેનાઇઝેશન અને ભાભા એટોમિક રિસર્ચ સેન્ટર જેવી અગ્રણી વૈજ્ઞાનિક સંસ્થાઓની મુલાકાત લેશે.**
**૫. વધુ માહિતી અને ક્વિઝનું રજીસ્ટ્રેશન: www.stemquiz.gujarat.gov.in પરથી કરવાનું રહેશે. STEM Quiz ૩.૦ ના રજીસ્ટ્રેશન કરવાની છેલ્લી તારીખ ૩૦મી એપ્રિલ, ૨૦૨૪ છે.**

ઉપરોકત ક્વિઝમાં રાજયની દરેક શાળાના ધોરણ ૯ થી ૧૨ ના અભ્યાસ કરતા વિધાર્થીઓ જોડાય અને ભાગ લે તે માટે દરેક શાળાએ યોગ્ય કાર્યવાહી કરવાની રહેશે. તેમજ વિધાર્થીઓનો આ સ્પર્ધામાં સારૂ પ્રદર્શન કરે તે માટેના જરૂરી પ્રયત્નો હાથ ધરવાના રહેશે. રાજ્યના તમામ જિ.શિ.અ.શ્રીઓને પોતાના જીલ્લામાંથી વધુમાં વધુ બાળકો જોડાય તે અંગે જરૂરી કાર્યવાહી કરવાની રહેશે.

સંયુક્ત શિક્ષણ નિયામક
માધ્યમિક,
ગુજરાત રાજય, ગાંધીનગર.

**નકલ રવાના જાણ સારૂ :-**

- સલાહકારશ્રી, ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજી, વિજ્ઞાન અને પ્રૌધોગિકી વિભાગ, ગુજરાત સરકાર, બ્લોક-બી, ૭મો માળ, બહુમાળી ભવન,સેકટર-૧૧, ગાંધીનગર: ૩૮૨૦૧૧